# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૩૦–૦૯–૨૦૦૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં કેન્દ્રીય પેટ્રોલિયમમંત્રીશ્રી મુરલી દેવરા સાથે વાર્તાલાપ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઓઈલ પીએસયુના સંયુકત ઉપક્રમે કેન્દ્રના માનનીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ ખાતાના મંત્રી શ્રી મુરલી દેવરા સાથે વાર્તાલાપનો એક કાર્યક્રમ સમૃધ્ધિ,નાનપુરા,સુરત ખાતે યોજાયો હતો.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ માનનીય મંત્રીશ્રી તથા અન્ય આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતું અને પોતાના વકતવ્યમાં તેમણે ચેમ્બરની પ્રવૃત્તિ અને સુરતના ઉદ્યોગોની ઝલક આપતાં કહયું હતું કે,સુરત ટેક્ષટાઈલ અને ડાયમન્ડ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે અને ટેક્ષટાઈલ ઉદ્યોગના ૪૫૦ થી વધુ પ્રોસેસિંગ હાઉસ પૈકી મોટાભાગના ગેસ આધારિત છે.હાલમાં સરકારની ગેસ અંગેની નીતિમાં એસએમઈનો સમાવેશ થયો નથી.આ ક્ષેત્ર દેશના ઉદ્યોગો માટે કરોડરજજૂ સમાન છે અને મોટા પાયા પર રોજગારીની તકો પુરી પાડે છે. એસએમઈ ક્ષેત્ર દેશના એક્ષ્પોર્ટમાં વૃધ્ધિ કરવામાં મહત્વની ભુમિકા ભજવે છે ત્યારે એનો સમાવેશ ગેસ એગેની નીતિમાં થવો જોઈએ.સ્પર્ધાત્મક બજાર અને આર્થિક કટોકટીના માહોલમાં નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે ઉત્પાદનખર્ચ ઘટાડવામાં વ્યાજબી ભાવે ગેસનો પુરવઠો મળી રહે એ જરૂરી બની જાય છે.વળી નેચરલ ગેસનો આ ઉદ્યોગો માટે થનારો ઉપયોગ પર્યાવરણ જાળવણીમાં પણ મહત્વનો પુરવાર થઈ શકે છે. તેમણે કહયું હતું કે, કેજીડી–૬ રીલાયન્સ ગેસ એસએમઈ માટે ઉપલબ્ધ કરાવવો જોઈએ,કેમકે આજે જયારે ગેસ વપરાશની પોલીસી છે ત્યારે બીજી તરફ જયારે ગેસ ઉત્પાદન એની ક્ષમતાથી ૫૦ ટકા જેટલું ઓછું થાય છે ત્યારે ઉદ્યોગોએ આયાતી ગેસ વાપરવો પડે છે જે મોંઘો પડે છે અને વિદેશી હુંડિયામણના રૂપમાં પણ બોજારૂપ બની જાય છે અને સ્પર્ધાત્મક વિદેશી બજારોમાં ટકી રહેવાનું પણ મુશ્કેલ બની જાય છે.તેમણે એમ પણ કહયું કે, દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો જયારે

ગેસ આધારિત ઉર્જા અપનાવી રહયા છે ત્યારે અહીંની એસએમઈને પુરતા પ્રમાણમાં ૨ એમએમએસઇસીએમડી ગેસ ઉપલબ્ધ થાય તે માટે ઘટતું કરવું જોઈએ. હાલમાં પીએમટી ફિલ્ડમાંથી મળતો ગેસ પુરવઠો ૩ એમએમએસસીએમડી થી ઘટાડીને ૨.૧૩ એમએમએસસીએમડી કરવામાં આવ્યો છે,જેના પગલે ઉદ્યોગકારોને મળતા જથ્થા ઉપર પણ કાપ આવ્યો છે.જેની અસર અહીંના ઉદ્યોગો ઉપર પડી રહી છે.ગુજરાતના ઉદ્યોગો જયારે ગેસ આધારિત ઉર્જા અપનાવી રહયા છે ત્યારે કેન્દ્ર સરકાર એ બાબત ઘ્યાને રાખી સહકાર આપશે તો દેશના જીડીપીમાં મહત્વનો ફાળો આપવાનું ગુજરાત માટે શકય બનશે.તેમણે પર્યાવરણ જાળવણીને ઘ્યાને રાખી દેશભરમાં કોલસા ઉપર આધારિત પાવર પ્લાન્ટસના વિકલ્પ શોધી કાઢી ગ્લોબલ વોર્મિંગની અસરોથી બચવાના પ્રયાસો કરવા જોઈએ.

આઈઓસીના પ્રતિનિધિએ ગુજરાતની ઓઈલ ઈન્ડસ્ટ્રીની ઝલક દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

માનનીય મંત્રીશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ ઘ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતાં.માનનીય મંત્રીશ્રીએ તેમની સમક્ષ ચેમ્બર ઘ્વારા કરાયેલી લઘુ અને મઘ્યમ ઉદ્યોગો માટે ગેસ નીતિમાં વિચારણાની રજૂઆત સંદર્ભે આગામી માસમાં મળનારી કમિટિની બેઠકમાં તે અંગે ઘટતું કરવા હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.પેટ્રોલ ડિઝલ ડિલર્સ એસો.ઘ્વારા થયેલી રજૂઆતો સંદર્ભે પેટ્રોલ પંપો માટે લોસિઝની ટકાવારીની સમિક્ષા અંગે પણ વિચારણા કરશે એમ જણાવ્યું હતું.